





નવરાત્રીના ગરબા ઉપર માત્ર કિશોર વયના કે યુવાન વયના ખેલૈયાઓનો જ ઈજારો છે એવું નથી. બાળકો પણ મોટેરાઓ જોતા રહી જાય એવી રીતે ગરબા રમી શકે છે, રમે છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઘર જેવા વાતાવરણમાં રમતા ગરબાપ્રેમી બાળકો એ બાબતો સુપેરે પરિચય આપે છે. ડ્રેસીંગથી માંડીને ગરબાની લેટેસ્ટ સ્ટાઈલમાં આ બાળકો યુવાનો કરતાં જરાય ઊતરતા નથી ને એમને ગરબા રમતા જોવા એ લ્હાવો છે. (તસવીર : દિપક જાની)

# નવરાત્રી ચારે કોર

**સાતમા નોરતે ગીત-સંગીતની સંગત :**

- ઉનાવા : ચાચર ચોકમાં શ્રી મહાકાલી માતાના મંદિરે સરલા દવે, આશા રાવળ-દવે સુરાવલી ગૃપ.
- સરઢવ : વારાહી ચોક ખાતે ગ્રીષ્મા પંચાલ-રિન્કુ મ્યુઝીકલ ગૃપ.
- સરઢવ : માંડવી ચોક, ઉગમણી ભાગોળ ખાતે સાવન રાવલ, આરતી સુથાર.
- સરગાસણ : વેરાઈ માતાના મંદિર ખાતે ભરતસિંહ બિહોલા, પાલજ
- સૅક્ટર-૨૨ : ગબ્બર ચૉક ખાતે સુરમધુર મ્યુઝીકલ પાર્ટી.
- સૅક્ટર-૪ : નવરાત્રી ચૉકમાં રિયા-પ્રિયા ગૃપ.
- સૅક્ટર-૮ : નવરાત્રી ચૉકમાં પ્રગતિ મ્યુઝીકલ પાર્ટી.
- કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ ખાતે ગોલ્ડન ચિયર્સ.
- લાયન્સ કલબ ગરબા ગ્રાઉન્ડ ખાતે રાવ ઓરકેસ્ટ્રા.
- થનગનાટ નવરાત્રી મહોત્સવમાં ડિમ્પલ પંચોલી એન્ડ ગૃપ.
- સૅક્ટર-૨૮ : જય અંબે ચૉકમાં જયેશભાઈ, સુલોચનાબેન વ્યાસ-સુંદરમ્ કલાવૃંદ.
- સૅક્ટર-૬ એ : લોકનાદ ગૃપના કલાકારો.
- સૅક્ટર-૭ સી : શિવશક્તિ મંદિર ચૉક ખાતે સુલોચના જોષી, કાનજી માલધારી-મેલોડી ગૃપ.
- સૅક્ટર-૩ બી : નવરાત્રી ચૉક ખાતે આશાપુરા કલાવૃંદ, ચિસકારી.
- સૅક્ટર-૩ એ ન્યૂ : નવરાત્રી ચૉક ખાતે શિવશક્તિ મ્યુઝીકલ ગૃપ.
- સૅક્ટર-૩ સી : શક્તિ ચૉક ખાતે જય માતાજી મ્યુઝીકલ પાર્ટી.
- સૅક્ટર-૧૭ : શોપીંગ સેન્ટર ખાતે રમેશભાઈ પ્રજાપતિ, રમાબેન ગઢવી-સરસ્વતી મ્યુઝીકલ ગૃપ.

# સ્વામી વિવેકાનંદ સ્કૂલ સેકટર-૨૪માં નશાબંધી સંસ્કાર ગરબા યોજાયા



ગાંધીનગર, તા. ૨૦

સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળા સેકટર-૨૪ ખાતે 'નશાબંધી સંસ્કાર' ગરબાનું આયોજન નશાબંધી સંસ્કાર કેન્દ્ર યુવા દિશા કેન્દ્ર દ્વારા થયેલ હતું. મુખ્ય મહેમાન સંજીવ મહેતાએ નશાબંધી સંસ્કારની વિવિધ ગરબાની પ્રશંસા કરી હતી. ૫૦ વાલીઓને નશાબંધી સંસ્કારના શપથ લીધા હતા. મહાઆરતીનો લાભ લીધો હતો. કાર્યક્રમમાં બીડી, તમાકુ અન્ય વ્યસનોથી માહિતીગાર કરેલ હતા.

કાર્યક્રમને સફળ બનાવવા સંગીતાબેન ચૌધરી, હેમલતાબેન, કપિલાબેન, શંકરભાઈએ મહેનત ઉઠાવી હતી.


# એમ. બી. કન્યા વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં નવરાત્રી નિમિતે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનોએ માતાજીના ગરબે ઘુમી પર્વની મજા માણી હતી. બેસ્ટ ડ્રેસ અને બેસ્ટ પરફોમન્સમાં વિજેતા બહેનોને ઈનામ આપવામાં આવેલ હતા. વિજેતા બહેનોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# શહેરના મુખ્ય વેપારી મથક એવા સે. ૨૧ના ગરબા હજુ ખ્યાત છે

## એક જમાનામાં પાર્ટી પ્લોટ કરતાંય વધારે મહત્ત્વના ગણાતા આ ગ્રાઉન્ડમાં આસપાસનાં ગામોના અનેક ગરબા રસિકો નિયમિતપણે આવે છે


તસવીર : દિપક જાની

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના મુખ્ય વેપારી મથક ગણાતા સૅક્ટર-૨૧ ખાતે નવરાત્રી ચોકમાં વર્ષોથી પરંપરાગત રીતે શેરી ગરબાનો જામેલો માહોલ હજુય અકબંધ છે.

અહીં વર્ષો પહેલાં નવરાત્રી જોવા-માણવા આસપાસના નાગરિકો ઉપરાંત આસપાસનાં ગામોનાં લોકો પણ આવતા અને આ નવરાત્રીનું મહત્ત્વ આજના પાર્ટી પ્લોટ કરતાંય અદકેરું હતું. ઘણી મોટી સંખ્યામાં અહીં ગરબા રમવા ને જોવા માટે ગરબા રસિકો આવતા હતા અને વહેલી સવાર સુધી અહીં ગરબાના કાર્યક્રમ વિના વિઘ્ને ચાલ્યા હોય એવાં ઘણાં નોરતાં અહીં ગાંધીનગરવાસીઓએ જોયાં છે. આજેય અહીં આવતા ગરબા રસિકોમાં ઉત્સાહની જરાય ઓટ નથી.

માતાજી મંદિર ચોક ખાતે ગરબા કાર્યક્રમનું આયોજન થાય છે, જેમાં સ્થાનિક રહીશો અને વેપારીઓની પણ સક્રિય ભાગીદારી રહેલી છે. આ ચોકની પરંપરા મુજબ આજે પણ અહીં સ્થાનિક ગરબા રસિકો ઉપરાંત આસપાસનાં ગામોના ગરબા રસિકો ટ્રેક્ટર્સ અને મોટરકાર ભરીને આવે છે અને અહીં વર્ષો પહેલાં યોજાતા ભવ્ય ગરબાને યાદ કરી પુનઃ એ માહોલ સર્જવ માટે અહીં ગરબાની ધૂમ મચાવે છે.

સ્થાનિક વસાહતીઓ અહીં પોતાના પરિવાર સાથે ગરબે રમે છે અને પાર્ટી પ્લોટના જમાનામાં પણ આવા વ્યવસ્થિત ગરબા આયોજનને કારણે શેરી ગરબાનું મહત્ત્વ અકબંધ જળવાઈ રહ્યું છે.

## મોરલો

ગબ્બરના ગોખમાં હો, બેઠો છે મોરલો,  
ટહૂકાઓ કરતો, થનગન નાચતો, માના ગુણ ગાતો હો...  
બેઠો છે મોરલો...

કાચી કાચી કેરીઓ મોરલાને ભાવે,  
ભક્તો લાવે તો આનંદથી આવે,  
નહીં તો જેવી અંબાની મ્હેર...  
બેઠો છે મોરલો...

વાદળ પાસે જઈ પાંખો રંગાવે,  
સૂરજના તેજથી પીંછા સજાવે,  
કલગીમાં તારલાની સેર....  
બેઠો છે મોરલો...

ટહુકા કરીને એ સૌને બોલાવે,  
કોયલ, પોપટ ને બુલબુલ તેડાવે,  
પછી રમઝટ જમાવતો હો....  
બેઠો છે મોરલો...

અંબાને વ્હાલો, બહુચરને વ્હાલો,  
ચાંદામામાનો લાડકડો લાલો,  
પ્રેમ પ્યાલા પીવરાવતો હો....  
બેઠો છે મોરલો...

- રણછોડ વી પરમાર





ઉત્સાહનો પારો દર્શાવવા માટે 'ચરમસીમા' કરતાંય જો કોઈ શબ્દ હોય તો તેનો ઉપયોગ કરવો પડે એટલો ઉત્સાહ ગરબા રસિકોમાં જોવા મળી રહ્યો છે. એમાંય ખેલૈયાઓની તો વાત જ નિરાળી છે, એમને મન તો ભક્તિનો આ તહેવાર એ જીવનનો લ્હાવો છે, જેને લૂંટી લેવામાં તેઓ જરાય કસર રહેવા દેવા માંગતા નથી. દેખાવમાં અતિ સુંદર, હજારો રૂપિયાની કિંમતના ને વજનમાં ખાસ્સા એવા ભારે ડ્રેસીસ પણ જેમના ઉત્સાહને જરાય ઓછો થવા દેતા નથી એવા ખેલૈયાઓથી ગાંધીનગર કલ્ચરલ ફોરમનું ગરબા ગ્રાઉન્ડ શોભી રહ્યું છે. (તસવીર : દિપક જાની)

# નગરનાં નવાં સેક્ટર્સમાં પાર્ટી પ્લોટ્સ જેવો માહોલ

ગાંધીનગર શહેરનાં નવાં સેક્ટર્સમાં પણ હવે નવરાત્રીનો માહોલ પાર્ટી પ્લોટની જેમ જામતો જાય છે. ગરબા રસિકો મોટી સંખ્યામાં અહીં ગરબા રમવા-જોવા માટે એકત્ર થતા જોવા મળે છે.

પાર્ટી પ્લોટની મોંઘી ટિકીટો તેમજ કારમી મોંઘવારીના કારણે કર્મચારીઓ તેમજ સામાન્ય નાગરિકો પોતાની આસપાસ થતા ગરબા કાર્યક્રમમાં જવાનું વધારે પસંદ કરે છે. વાલીઓ પણ પોતાનાં સંતાનો આસપાસમાં અને જાણીતા સ્થળે ગરબા રમે એવું વધારે પસંદ કરે છે. પોતાની નજર સામે સંતાનો ગરબે ઘૂમતા હોય તો વાલીઓને આનંદ સાથે સુરક્ષાની લાગણી પણ થાય એ સ્વાભાવિક છે. આ જ કારણે પાર્ટી પ્લોટ્સના આ જમાનામાં શેરી ગરબાનું મહત્ત્વ અકબંધ રહેવા પામ્યું છે. સૅક્ટર્સમાં યોજાતા ગરબામાં એકમેકને સહકાર આપવાની ભાવના પણ વધતી જોવા મળે છે. કારણ કે સ્થાનિક રહીશો, વેપારીઓ સૌ સાથે મળીને ગરબા કાર્યક્રમનું આયોજન કરતા હોય છે. સરવાળે સાથે મળીને આયોજન કરવાથી ને ઉત્સવ ઉજવવાથી સૌ એકમેકની નજદીક આવે છે અને પરસ્પર ભ્રાતૃભાવ વધે છે. અને હા, જ્યાં પાર્ટી પ્લોટ્સમાં પાણી પણ ખરીદીને પીવું પડે એવી સ્થિતિ છે ત્યાં શેરી ગરબાઓમાં પાણી તો ઠીક, પણ ગરબા રમ્યા પછી મધ્યાંતરમાં નાસ્તો પણ મળે એવી સબળ વ્યવસ્થા પણ જોવા મળે છે ! 'ઝાઝા હાથ રળિયામણા' એવું કંઈ એમ ને એમ થોડું કહેવાયું હશે !

# આર જી પટેલ કન્યા વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળામાં નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે.

કાર્યક્રમની શરૂઆતમાં કામીનીબેન મહંતે માતાજીની છડી પોકારી ત્યારબાદ આરતી સ્તુતિ કરવામાં આવી, આચાર્યા સુધાબહેન પટેલ, દિલહરબા જાડેજા, ગીતેષભાઈ પટેલ, આચાર્યશ્રી અંજલીબેન, ગીતાબેન સોની તથા વિદ્યાર્થીઓને ભાગ લીધો હતો.

ગરબાની રમઝટ સનેડો, હિંચ, ભાંગડાના નૃત્યો કરેલ હતા.

આ ગરબા મહોત્સવમાં શાહ રિધ્ધિ, સિસોદિયા મીલી, પટેલ ક્રિષ્ના, ચૌહાણ દિપીકા, રાવલ અપેક્ષા, પટેલ અવની, વ્યક્તિગત રાવલ સૃષ્ટિ, વ્યાસ રિધ્ધિ, ગુર્જર ધરા, પરિધાન પ્રિયદર્શી, ખ્યાતિ, પ્રજાપતિ જુહી, ચૌધરી નૈયાનાં નામો વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યાં હતાં.






નવરાત્રીના પાવન પર્વે મહિલા સિવણ વર્ગ, સૅક્ટર-૨૨ ખાતે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જી ઈ ક્લબ અને મા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નહેરૂ યુવા કેન્દ્રના સહયોગથી સતત ત્રીજા વર્ષે બહેનો માટે આ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નયનાબેન પટેલ, કિંજલબેન વાઘેલા અને શિલ્પાબેન અનુક્રમે વિજયી બન્યા હતા. વિજેતા સ્પર્ધકોને જી ઈ ક્લબ તરફથી ટ્રોફી અને નહેરૂ યુવા કેન્દ્ર તરફથી આ સ્પર્ધામાં ભાગ લેનારા સૌ સ્પર્ધકોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. સમાજ કલ્યાણ સંઘ સંચાલિત મહિલા સિવણ વર્ગ ખાતે આયોજિત આ ગરબા સ્પર્ધાના નિર્ણાયક તરીકે મીતાબેન સુથાર અને સ્મિતાબેન નિમાવતે પોતાની સેવાઓ આપી હતી. મહિલા સિવણ વર્ગના સંચાલિકા સુમનબેન જાધવ, મીતાબેન દવે અને કોકિલાબેને ઉપસ્થિત અતિથિઓનું સ્વાગત કર્યું હતું. ગજરાબેને આભારવિધિ કરી હતી. મા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી કશ્યપ નિમાવતના આ સફળ આયોજનમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન આરતી રાણાએ કર્યું હતું. કાર્યક્રમ અંતર્ગત સિવણ વર્ગમાં વિવિધ કોર્સીસમાં જોડાયેલી શહેર અને આસપાસનાં ગામોની બહેનોએ ગરબામાં ભાગ લીધો હતો. (તસવીર : કમલેશ શાહ)